પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૩૬, કુલ પાના:૪, તારીખઃ ૦૨-૦૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 136 PRICE :-RS. 1.50 DATE : 02-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચૂંટણીવાળા અસમ,તમિલનાડુ,પશ્ચિમ બંગાળ પર ઓળઘોળ મોદી સરકાર

## આત્મનિર્ભર બજેટમાં મોદી સરકારનો ચૂંટણીલક્ષી સ્ટ્રોક

ન્યુ દિલ્હી,

કેન્દ્રિય નાણાંપ્રધાન નિર્મલા સિતારમણે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર રજૂ કર્યુ હતું. જેમાં તેમણે કેટલીક એવી જાહેરાતો કરી હતી કે જે પ્રથમવાર જ અમલમાં આવી રહી હોય. આ વર્ષે કોરોનાને કારણે પેપરલેસ અંદાજપત્ર રજુ કરાયું હતું. દર વર્ષે નાણાં પ્રધાન બ્રિફકેસમાં અંદાજપત્ર લઈને સંસદમાં પ્રવેશતા હોય છે. પરંતુ પેપરલેસ બજેટ રજુ કરવા માટે નાણાં પ્રધાન નિર્મલા સિતારમણ, બ્રિફકેસના બદલે ટેબ્લેટ સાથે સંસદમાં પ્રવેશ્યા હતા.

જોવામાં આવે તો આ બજેટ સામાન્ય માણસનું નહોતું. સામાન્ય માણસને રાહત થાય તે માટે કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. ઉલ્ટું, બધી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી અને સરચાર્જને લીધે મોબાઈલ સહિતની ઘણી ચીજો પણ મોંઘી થઈ રહી છે. આ બજેટ સામાન્ય લોકો માટે નિરાશાજનક હતું.

સિતારમને કહ્યું કે કોરોના વાયરસ મહામારી સામે લડવા માટે સરકારે વર્ષ ૨૦૨૦માં ૩૦ લાખ કરોડ રૂપિયાના ૫ મિની બજેટ રજૂ કર્યા હતા. નાણામંત્રીએ સામાન્ય



લોકોને રસ પડે એવી જે જાહેરાત કરી છે તેમાં એલઆઈસીનો IPO આ વર્ષમાં બજારમાં આવશે તેની છે. કોરોના મહામારીના સમયમાં જયારે લોકો આર્થિક રીતે પડી ભાંગ્યા હતા ત્યારે મૂડીબજારમાં પ્રવેશેલી અનેક કંપનીઓના IPOમાં લોકોએ રોકાણ કરીને તગડી કમાણી કરી હતી. શેરબજાર વિશે નહીં જાણનારા લોકો પણ હવે IPOમાં રસ દાખવતા થયા છે.

નાણામંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૨૧-૨૨માં દેશની સૌથી મોટી જીવન વીમા સંસ્થા ભારતીય જીવન વિમા નિગમ (એલઆઈસી) પોતાનો IPO લાવશે. આ બાબતે એલઆઈસી અધિનિયમ સાથે જોડાયેલા બદલાવ ચાલૂ સંત્રમાં રજૂ કરવામાં આવી શકે છે.સાથે નાણામંત્રીએ જાહેરાત કરી કે ભારત પેટ્રોલિયમ, એર ઈન્ડિયા, કોનકોર અને શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના વ્યુહાત્મક વેચાણ પણ આગામી નાણાંકીય વર્ષમાં પુરા થશે. આ યોજનાનો અમલ નીતી આયોગ કરશે એમ નાણામંત્રીએ કહ્યું હતું.

નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે બે જાહેર ક્ષેત્રની બેંકો અને એક જનરલ વીમા કંપનીનું પણ ખાનગીકરણ કરવામાં આવશે. જો કે નાણામંત્રીએ કઈ જાહેર ક્ષેત્રની બેંક અને કઈ જનરલ વીમા કંપનીનું ખાનગીકરણ કરશે તે બાબતે ફોડ પાડયો નહોતો. નાણામંત્રીએ શેરબજાર માટે માત્ર એક સિકયોરીટી માર્કેટ કોડ રજૂ કરવાની જાહેરાત કરી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે, વીમા ક્ષેત્રમાં ૭૪ ટકા FDI થઈ શકશે. પહેલા વીમા સેકટરમાં FDI ૪૯ ટકા જ થતી હતી. આ સિવાય રોકાણકારો માટે ચાર્ટર બનાવવાની જાહેરાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્ટાર્ટ અપ કંપની માટે જાહેરાત કરી છે. જેના હેઠળ એક ટકા કંપનીને રોકટોક વિના શરૂઆતમાં કામ કરવાની મંજૂરી મળશે

આ બજેટમાં સરકારે હેલ્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ્સું ધ્યાન આપ્યું છે, પરંતુ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી આઈટી સ્લેબમાં ફેરફાર તેમજ 80C હેઠળ મળતી છૂટનો કોઈ ઉલ્લેખ પણ ના કરી નાણાંમંત્રીએ મધ્યમ વર્ગને નિરાશ કર્યો છે. જો આ રાહત મળી હોત તો અર્થતંત્રમાં વધુ રુપિયો ફરતો થવાની શક્યતા હતી, પરંતુ નાણાંમંત્રીએ પગારદાર વર્ગને રાહત આપવાનું ટાળ્યું છે. જોકે, પેન્શન અથવા વ્યાજની આવક પર નભતા ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકોને ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

એક તરફ, પેટ્રોલ અને ડીઝલના ભાવ સરકારના આકરા કરવેરાને કારણે હાલ આસમાને પહોંચ્યા છે, તેવામાં તેમાં કોઈ રાહત આપવાને બદલે નાણાંમંત્રીએ પેટ્રોલ પર રુ. ૨.૫૦ અને ડીઝલ પર રુ. ૪નો ફાર્મ સેસ લેવાની દરખાસ્ત કરતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઓર વધે તેવી શક્યતા છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન સોમવારે સંસદમાં પોતાનું ત્રીજું બજેટ રજૂ કરી રહ્યા હતા ત્યારે ખેડુતો વિશેની એક લાઈન પર વિપક્ષોએ પસ્તાળ પાડીને ભારે હંગામો મચાવી દીધો હતો. નાણામંત્રીએ જયારે બજેટની રજૂઆતમાં કહ્યું કે સરકાર ખેડુતો પ્રત્યે કટીબધ્ધ છે એની સાથે જ વિપક્ષના નેતાઓએ લોકસભામાં હંગામો મચાવી દીધો હતો અને નારેબાજી કરવા માંડી હતી. વિપક્ષોનો વિરોધ ધારધાર હતો કે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ થોડા સમય માટે અટકાવવું પડ્યું હતું.નાણામંત્રીએ આ વખતે પહેલીવાર પેપરલેસ એટલે કે ડીજીટલ બજેટ રજૂ કર્યું હતું.

નાણામંત્રી નિર્મલા સીતારમને ખેડુતો વિશે સરકાર કટીબધ્ધ હોવાની વાત કરતા વિપક્ષોએ કૃષિ કાનુન વાપસ લો ના નારા લગાવીને લોકસભાને ગજવી નાંખી હતી. હંગોમાં વધવાને કારણે નાણામંત્રીએ પોતાનું બજેટ ભાષણ અટકાવવું પડ્યું હતુ.

નાણામંત્રીએ કહ્યું હતું કે અમે લોકડાઉન સમાપ્ત થયા પછી સરકારી ખર્ચ વધાર્યો છે. ૨૦૨૦-૨૧માં ૩૦.૪૨ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે, જે વધીને ૩૪.૫ લાખ કરોડ થશે. ૨૦૨૧માં રાજકીય ખાધ GDPના ૯.૫% છે. એની ભરપાઈ માટે અમને ૮૦ હજાર કરોડ રૂપિયા વધારે જોઈએ. એ માટે અમને બજાર પાસેથી અપેક્ષા છે. ૨૦૨૧-૨૨માં ૩૪.૮૩ લાખ કરોડના સરકારી ખર્ચનો અંદાજ છે. ૨૦૨૧-૨૨માં રાજકીય કાધ GDPના ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. ૨૦૨૫-૨૬ સુધી એ ઘટાડીને ૪.૫ ટકા કરવાનો અંદાજ છે. કન્ટિજન્સી ફંડને ૫૦૦ કરોડથી વધારીને ૩૦ હજાર કરોડ રૂપિયા સુધીની જોગવાઈ કરવામાં આવી છે.

### શું મોંઘું થશે

- ★ મોબાઈલ.
- ★ મોબાઈલના પાર્ટ્સ.
- ★ ઓટોસ્પાર્ટ્સ.
- ★ પેટ્રોલ-ડીઝલ.
- ★ ઈલેક્ટ્રોનિક્સ સામાન.
- ★ કોટનના કપડાં.
- ★ લેધરના જૂતા.
- ★ સોલર ઈન્વર્ટર.
- ★ કાબુલી ચણા.
- ★ યુરિયા અને ડીએપી ખાતર.
- ★ દારૂ.

### શું સસ્તુ થશે

- ★ સોનું-ચાંદી.
- ★ લોખંડ.
- ★ ચામડાની વસ્તુઓ.
- ★ ડ્રાય ક્લિનિંગ.
- ★ સ્ટીલના વાસણો.
- ★ ઈન્શ્યોરન્સ.
- ★ વીજળી.
- ★ પોલીસ્ટર.
- ★ તાંબાના વાસણો.
- ★ કૃષિના સાધનો.

### બજેટમાં સરકારની મહત્વની જાહેરાતો

- ★ ઈંક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નહી.
- ★ આરોગ્ય બજેટ ૯૪ હજાર કરોડથી વધારીને ૨.૨૩ લાખ કરોડ કરવામાં આવ્યું.
- ★ ૧૭ નવા પબ્લિક હેલ્થ યૂનિટ નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ઓફ વર્લ્ડ હેલ્થ સેન્ટર બનશે.
- ★ શહેરો માટે જલ જીવન મિશન લોન્ચ કરવામાં આવશે.
- ★ આગામી વર્ષે ૮૫૦૦ કરોડ કિમી સડકોનું નિર્માણ થશે.
- ★ ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ ૩ હજાર કિમીથી વધારે માર્ગો બન્યા.
- ★ ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમી માટે મેન્યૂફેક્ચરિંગ પર ફોકસ.
- ★ કોરોના વેક્સિન માટે ૩૫ હજાર કરોડ રૂપિયા.
- ★ જુની કારો સ્ક્રેપ થશે, ઓટોમેટેડ ફિટનેસ સેન્ટર બનશે.
- ★ શહેરી સ્વચ્છ ભારત મિશન ૨.૦ પર ૧ લાખ ૪૧ હજાર કરોડ ખર્ચ થશે.
- ★ આગામી ૫ વર્ષમાં સ્વચ્છ હવા પર ૨ હજાર કરોડ ખર્ચ થશે.
- ★ વસ્તી ગણતરી ડિઝિટલ કરવામાં આવશે, ડિઝિટલ પેમેન્ટ પર ૧૫૦૦ કરોડનું ઈન્સેન્ટિવ.
- ★ વર્ષ ૨૦૨૧-૨૨માં આર્થિક નુંકસાન ૬.૮% રહેવાનું અનુમાન.
- ★ પેન્શન મેળવનારા સિનિયર સિટિઝનને ઈંક્મ ટેક્સમાંથી રાહત.
- ★ ૯૫% ડિઝિટલ લેણદેણ અને ૧૦ કરોડનો વ્યવસાય કરનારી કંપનીને ઓડિટથી મળશે છૂટ.
- ★ એફોર્ડેબલ હાઉસિંગમાં છૂટ એક વર્ષ માટે વધી.
- ★ મોબાઈલ ફોન થઈ શકે છે મોંઘો, કસ્ટમ ડ્યૂટી વધારીને ૨.૫% થઈ.
- ★ કોપર પર ડ્યૂટી ૨.૫% અને સ્ટીલ પર ડ્યૂટી ઘટીને ૭.૫% કરવામાં આવી.
- ★ તમિલનાડુ, અસમ, પશ્ચિમ બંગાળને નવા માર્ગો અને કોરિડોરની ભેટ.
- ★ વિમા ક્ષેત્ર પર સરકારનો મોટો નિર્ણય, FDI વધારીને ૭૪% કરાયું.
- ★ બેંક ડૂબી તો હવે ૧ લાખની જગ્યાએ ૫ લાખ રૂપિયા મળશે.
- ★ ડુબેલા દેવાને લઈને બનશે મેનેજમેન્ટ કમિટિ.
- ★ એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની જાહેરાત, દેશમાં બનશે મોટા ૫ ફિશિંગ હબ.
- ★ ૧૦૦ નવી સૈનિક સ્કુલ ખોલવામાં આવશે અને લેહમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ખુલશે.
- ★ સોનું-ચાંદી, તાંબા પર કસ્ટમ ડ્યૂટી ઘટાડવામાં આવી.

## જાન્યુઆરીમાં રેકોર્ડ ૧.૨૦ લાખ કરોડનું GST કલેક્શન થયું

ન્યુ દિલ્હી,

જીએસટીની વસૂલાત પર કોરોના મહામારી અસરનો અંત આવી ગયો છે. હવે એના મારફત થતી કમાણીએ ઝડપ પકડી છે. જાન્યુઆરીમાં સરકારને જીએસટીથી સૌથી વધારે આશરે ૧.૨ લાખ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. આ ડિસેમ્બરની રૂપિયા ૧.૧૫ લાખ કરોડની રેકોર્ડ કમાણી થઈ છે, જ્યારે ગયા વર્ષની તુલનામાં એ ૮ ટકા વધારે છે.

છેલ્લા ૪ મહિનાથી સરકાર જીએસટીથી રૂપિયા ૧ લાખ કરોડ કરતાં વધારે આવક મેળવી રહી છે. સરકારે કહ્યું હતું કે બનાવટી બિલ અટકાવવાની કવાયત, જીએસટી, ઈંક્મ ટેક્સ અને કસ્ટમ આઈટી સિસ્ટમના ડેટાનું વિશ્લેષણ તથા અધિકારીઓનાં કડક પગલાંને લીધે છેલ્લા કેટલાક મહિનાથી વસૂલાતમાં વધારો થઈ રહ્યો છે.

સરકારે કહ્યું હતું કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ની સાંજે ૬ વાગ્યા સુધીમાં મહિનાભરની વસૂલાત ૧ લાખ ૧૯ હજાર ૮૪૭ કરોડ રૂપિયા થઈ છે. એમાંથી સીજીએસટી વસૂલાતનો હિસ્સો ૨૧ હજાર ૯૨૩ કરોડ રૂપિયા છે અને એસજીએસટી વસૂલાતનો હિસ્સો રૂપિયા ૨૯ હજાર ૦૧૪ કરોડ રૂપિયા રહ્યો છે. આઈજીએસટી વસૂલાતનો હિસ્સો ૬૦ હજાર ૨૮૮ કરોડ રૂપિયા રહ્યો છે.

એમાં રૂપિયા ૨૭ હજાર ૪૨૪ કરોડની વસૂલાત આયાતી વસ્તુઓથી થઈ છે. સેસથી રૂપિયા ૮ હજાર ૬૨૨ કરોડની જ્યારે આયાતી વસ્તુથી મેળવેલ રૂપિયા ૮૮૩ કરોડ રૂપિયાની સેસ વસૂલીનો પણ સમાવેશ થાય છે.

જાન્યુઆરી મહિનામાં ૩૧ જાન્યુઆરી,૨૦૨૧ સુધી કુલ ૯૦ લાખ જીએસઆરટી-૩બી રિટર્ન દાખલ કરવામાં આવ્યા છે. સરકારે રેગ્યુલર સેટલમેન્ટ સ્વરૂપમાં આઈજીએસટીથી એસજીએસટીમાં ૨૪ હજાર ૫૩૧ કરોડ રૂપિયાના અને એસજીએસટીમાં ૧૯ હજાર ૩૭૧ કરોડ રૂપિયાનું સેટલમેન્ટ કરવામાં આવ્યુ છે. રેગ્યુલર સેટલમેન્ટ બાદ જાન્યુઆરી ૨૦૨૧માં કેન્દ્ર સરકારને સીજીએસટીથી કુલ ૪૬ હજાર ૪૫૪ કરોડ રૂપિયા અને તમામ રાજ્યોને એસજીએસટી થી કુલ ૪૮ હજાર ૩૮૫ કરોડ રૂપિયાની કમાણી થઈ.

## વડાપ્રધાન પોતાનો નંબર જણાવી દે, અમે વાત કરવા માટે રાહ જોઈ રહ્યાં છીએ: ટિકૈત

ન્યુ દિલ્હી,

દિલ્હી-ઉત્તર પ્રદેશના ગાજીપુર બોર્ડર પર હાજર ખેડૂતે નેતા રાકેશ ટિકૈતે ખેડૂતોને સંબોધિત કર્યા હતા અને કહ્યું કે, “બિલ પરત નહીં તો ઘર વાપસી નહીં.

તેમને કહ્યું, “જેવી રીતે ખેડૂતોની ફોજ હાલમાં તૈયાર થઈ છે, તેને તૂટવા દેવી નથી. તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા નિવેદન પર કહ્યું કે, “વડાપ્રધાન પોતાનો નંબર જણાવી દે કે ક્યા નંબર પર વાત કરવાની છે. અમે તેમના સાથે વાત કરવાની રાહ જોઈ રહ્યાં છીએ.

પાછલા શનિવારે વડાપ્રધાન મોદીએ સર્વદળીય બેઠક દરમિયાન ખેડૂત આંદોલન પર પોતાની વાત રાખી હતી અને કહ્યું હતુ કે, “સરકાર ચર્ચા માટે તૈયાર છે. જો ખેડૂત સંગઠન આગળ પણ ચર્ચા કરવા ઈચ્છે છે તો એક ફોન કોલ દૂર છે.”

ગાજીપુર બોર્ડર પર ખેડૂતોને સંબોધિત કરતાં રાકેશ ટિકેતે કહ્યું, “આંદોલનને દફન કરવાની કોશિશ થઈ છે, પરંતુ હવે ગભરાવવાની કોઈ જરૂરત નથી. તેમને કહ્યું કે, ખેડૂતોને બદનામ કરવાની કોશિશ થઈ રહી છે.

તેમને કહ્યું, “૨૬ તારીખે ચાર લાખ ખેડૂત પોતાના ટ્રેક્ટર લઈને દિલ્હી આવ્યા હતા, તેઓ ગુરૂ પરંપરા સાથે જોડાયેલા લોકો છે પરંતુ ખેડૂતોને બદનામ કરવામાં આવ્યા છે. તેમને ખાલીસ્તાની કહેવામાં આવ્યા, અફઘાનિસ્તાની કહેવામાં આવ્યા, ક્યારેક આને પંજાબ અને હરિયાણાનું આદોલન ગણાવવામાં આવ્યું તો ક્યારેક ઉત્તર પ્રદેશનું કહેવામાં આવ્યું. પરંતુ આ આંદોલન આખા ભારતનું છે.

## ખેડૂત આંદોલનને સમર્થન કરતા ૨૫૦ ટ્વિટર એકાઉન્ટને સરકારે સસ્પેન્ડ કર્યા

ન્યુ દિલ્હી,

કિસાન આંદોલન વચ્ચે પીએમ મોદી વિરુદ્ધ વિવાદિત ટ્વીટ કરનાર પર સરકારે આકરા પગલા ભર્યા છે. આઈટી મંત્રાલયે ટ્વિટરને ૨૫૦ ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ કરવાના નિર્દેશ આપ્યા છે. ત્યારબાદ તે તમામ એકાઉન્ટ તત્કાલ પ્રભાવથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.



#ModiPlanning Farmer Genocide હેશટેગથી ટ્વીટ કરવામાં આવી રહ્યાં છે. શનિવારથી આ હેશટેગ ટ્રેન્ટમાં હતો. તેમાંથી ઘણા ટ્વીટ/ટ્વિટર એકાઉન્ટ વિદેશથી ચાલી રહ્યાં છે. સસ્પેન્ડ થનારા ઘણા એકાઉન્ટ/ટ્વીટ કિસાન યુનિયન અને કિસાન નેતાઓથી સંબંધિત પણ છે. ગૃહ મંત્રાલયના નિર્દેશ પર આઈટી મંત્રાલયે ટ્વિટરને આ નિર્દેશ આપ્યો હતો.

કારવાં મેગેઝિન અને એક્ટર સુશાંત સિંહના ટ્વિટર હેન્ડલને હોલ્ડ કરવામાં આવ્યા. કારવાં મેગેઝિન વિરુદ્ધ દિલ્હી પોલીસે ખોટા સમાચાર ફેલાવવાનો કેસ નોંધ્યો છે અને સુશાંત સિંહ કિસાનોના સમર્થનમાં ટ્વીટ કરી રહ્યો હતો અને ઘણી ખોટી જાણકારી ફેલાવવામાં આવી રહી હતી. પ્રસાર ભારતીના CEOનું ટ્વિટર હેન્ડલ પણ હોલ્ડ કરવામાં આવ્યું. આ સંબંધમાં પ્રસાર ભારતીએ ટ્વિટર પાસે જવાબ માંગ્યો છે. સૂત્રો પ્રમાણે કોઈપણ પ્રકારની કાયદો-વ્યવસ્થાની સ્થિતિને જોતા સરકારે આ નિર્ણય કર્યો છે.

## મિક્ષોપથીને લઈ અમદાવાદ મેડીકલ એસોસીએશન ખાતે તબીબોની ભૂખ હડતાળ

અમદાવાદ,

આજથી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ફરી એકવાર મિક્ષોપથીનો વિરોધ શરૂ કરાયો છે. આયુર્વેદના અનુસ્નાતક પદવીધારકો જનરલ સર્જરી કરી શકે તે નવા બદલવાનો એલોપથી તબીબો વિરોધ કરી રહ્યા છે. દેશવ્યાપી ભૂખ હડતાળ અને વિરોધ પ્રદર્શનોના માધ્યમથી તબીબોએ મિક્ષોપથીનો વિરોધ શરૂ કર્યો છે. આઈએમએ ના એલાનને પગલે ગુજરાત બ્રાન્ચ તરફથી પણ ભૂખ હડતાળ અને વિરોધ કાર્યક્રમોને સમર્થન આપવામાં આવ્યું છે.




ગુજરાતના વિવિધ ભાગોમાં ૧ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી સુધી વારાફરતી ભૂખ હડતાળ કરાશે.

આજે અમદાવાદ મેડિકલ એસોસિએશન ખાતે ૨૦ જેટલા મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા તબીબો અમે વિદ્યાર્થીઓએ ભૂખ હડતાળ શરૂ કરી છે. ૪ દિવસ અમદાવાદમાં ત્યારબાદ સુરત, વડોદરા, રાજકોટ અને જામનગરમાં તબીબો ભૂખ હડતાળ કરી સીસીઆઈએમ એક્ટનો વિરોધ કરશે.કેન્દ્ર સરકાર તરફથી આયુર્વેદીકના તબીબોને ૫૮ જેટલી શસ્ત્રક્રિયા કરવાની પરવાનગી આપવામાં આવ્યા બાદથી એલોપથીના તબીબોમાં રોષ જોવા મળી રહ્યો છે.

કેન્દ્ર સરકારે સીસીઆઈએમ એક્ટના માધ્યમથી જે શસ્ત્રક્રિયાઓની આયુર્વેદિક તબીબોને મંજૂરી આપી છે, તે મંજૂરી કેન્દ્ર સરકાર પરત લે તેવી IMA તરફથી માંગ કરાઈ રહી છે. આયુર્વેદીકના તબીબો જો શસ્ત્રક્રિયા કરશે તો ભવિષ્યમાં આરોગ્ય સુવિધાઓ જોખમાશે તેવો આઈએમએ તરફથી ભય વ્યક્ત કરાઈ રહ્યો છે.

## મ્યાનમારમાં સેનાનો બળવો: આંગ સાન સૂ કીની ધપરકડ કરી, એક વર્ષ માટે કટોકટી

બર્મા,

ભારતના પાડોશી દેશ મ્યાન્મારમાં રાજકીય ઉથલપાથલ જોવા મળી છે. મ્યાન્મારની સેનાએ તખ્તાપલટ કરતા આંગ સાન સૂ કી અને રાષ્ટ્રપતિ વિન મ્યિંટની ધરપકડ કરી લીધી છે અને એક વર્ષ માટે ઈમર્જન્સી લાદવામાં આવી છે. મ્યાન્માર સૈન્ય ટેલિવિઝન અનુસાર સેનાએ એક વર્ષ માટે દેશ પર નિયંત્ર કરી લીધું છે અને સેનાના કમાન્ડર-ઈન-ચીફ મિન આંગ હલાઈંગને સત્તા સોંપવામાં આવે છે.

મ્યાન્માર સેનાએ જારી કરેલા નિવેદન અનુસાર ચૂંટણીમાં કરવામાં આવેલી ધોખાધડીને પગલે તખ્તાપલટ કરવામાં આવ્યો છે. આ સાથે જ દેશના અલગ-અલગ



વિસ્તારમાં સેનાની ટુકડી તૈનાત કરવામાં આવી છે. મ્યાન્મારના મુખ્ય શહેર યાંગૂનમાં સીટી હોલ બહાર સૈના ખડકી દેવામાં આવી છે, જેથી કોઈ તખ્તાપલટનો વિરોધ ન કરી શકે.

મ્યાન્મારમાં ૧૯૬૨થી ૨૦૧૧ સુધી દેશમાં સૈન્ય રાજ રહ્યું છે. ૨૦૧૦માં પહેલીવાર ચૂંટણી યોજવામાં આવી હતી અને નાગરિક સરકાર બનીય જેમાં જનતા દ્વારા ચૂંટવામાં આવેલા પ્રતિનિધિને રાજ કરવાની તક મળી.

અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત કેટલાંય દેશોએ તખ્તાપલટ પર ચિંતા વ્યકત કરી અને મ્યાનમારની સેનાને કાયદાનું સમ્માન કરવાની અપીલ કરી છે. વ્હાઈટ હાઉસના પ્રવકતા જેન સાકીએ કહ્યું કે બર્માની સેના એ સ્ટેટ કાઉન્સિલર આંગ સાન સૂ કી અને અન્ય નાગરિક અધિકારીઓની ધરપકડ સહિત દેશના લોકતાંત્રિક સંક્રમણને ઓછું કરવા માટે પગલું ભર્યુ છે.

મ્યાનમારની સેનાને ચેતવણી આપતા અમેરિકાએ કહ્યું કે અમેરિકાએ તાજેતરની ચૂંટણીમાં પરિણામોને બદલવા કે મ્યાનમારની લોકતાંત્રિક વ્યવસ્થામાં અડચણ ઉભી કરવાના પ્રયાસનો વિરોધ કર્યો છે અને જો આ તખ્તાપલટ ખત્મ નહીં થાય તો જવાબદાર લોકોની વિરૂદ્ધ કાર્યવાહી કરીશું.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગરના જાહેર સ્થળો કે કોઈપણ સરકારી કચેરીઓની બહાર કે પરિસરમાં ધરણા ઉપર પ્રતિબંધ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જાહેર સ્થરળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યસ્થાની પરિસ્થિલતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યુકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તાત્કાલીક અસરથી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી મનાઇ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# સંતરામપુરના ઉંડવા ખાતે રાજપુત સમાજનું સંમેલન ચોજાયુ

સંતરામપુર, ઉંડવા ખાતે રાજપુત સમાજનુ પુસ્તક વિમોચનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પુર્વ વિભાગના ૨૦ જેટલા ગામડાના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનુ મોમેન્ટ આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સંતરામપુરના મહારાજ પાંજદીત્યસિંહજી, બારીયા મહારાજ તુષારબાબા, ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, સંજેલી મહારાજ કમાંખ્યાસિંહજી તથા વિજયસિંહ રાઉલજી સંજેલી તથા સમાજના વડીલો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સમાજે એક થઈને રહેવાની તેમજ વટ, વ્યસન, અને વતન છોડવાની જરૂર છે. તો જ સમાજ આગળ આવશે એમ સી.કે.રાઉલજીએ સમાજને લોકોને અનુરોધ કર્યો હતો.

# મહીસાગર જિલ્લામાં આજે ૩ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૯૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૯૯ કેસ પોઝીટીવ નોધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૨૦૯૧૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિ ટલ, લુણાવાડા, ૦૪ દર્દી હોમ આઇસોલેશન અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

# વિરપુર બસ સ્ટેશન વિસ્તારમાં ડ્રેસ મટીરીયલ્સની દુકાનમાં આગ : માલ બળીને ખાખ

વિરપુર, વિરપુરમાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં શનિવારની મોડી રાત્રિએ ડ્રેસ મટીરીયલ્સની દુકાનમાં અચાનક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી. રાત્રિના સમયે પોતાની ફરજ બજાવી રહેલા જી.આર.ડી.ના જવાનોએ દુકાનની અંદરથી ધુમાડો આવી રહ્યો છે જે જોતાની સાથે ડ્રેસ મટીરીયલ્સના દુકાન માલિકને ફોન કરી બોલાવતા દુકાન માલિક દોડી આવતા બુમાબુમ કરી મુકતા આજુબાજુના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. અને દુકાન ખોલી અંદર લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પણ ડ્રેસ મટીરીયલ્સના દુકાનની અંદર મુકેલો માલ સંપુર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. જો કે વિરપુર તાલુકામાં ફાયર સેફટીને લઈને કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાના કારણે આગની ઘટનાઓથી ભારે નુકસાની વેઠવી પડી રહી છે.

## સંતરામપુર જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના BJPમાં ટીકીટ માટે ૧૩૬ દાવેદારો મેદાનમાં



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરમાં આઠ જિલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતની ૨૮ ઉપર સીટ ઉપર ૧૩૬ ઉમેદવારે ભારતીય જનતા પાર્ટીમાંથી દાવેદારી નોંધાવી હતી. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ સંતરામપુર તાલુકાની આઠ જિલ્લા પંચાયતની સીટ ઉપર પર જેટલા ભારતીય જનતા પાર્ટીમાંથી ચૂંટણી લડવા માટેની દાવેદારી નોંધાવી હતી અને ૨૮ તાલુકા પંચાયત સીટ ઉપર ૮૪ ઉમેદવારે તાલુકા પંચાયતની ચૂંટણી લડવા માટેની દાવેદારી નોંધાવી હતી. ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા જ ભારતીય જનતા કાર્યભાર ચૂંટણી લડવા માટેની દાવેદારી કરવા માટે સતત ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો છે. સંતરામપુર ના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર તમામ ના ફોર્મ સ્વીકાર કરી લીધા છે. હજુ પણ કાર્યાલય પર ફોર્મ આપવા માટે ઉમેદવારોનો ધસારો જોવાયો હતો. તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણીના દિવસ જેમ નજીક આવે તેમ ઉમેદવારોમાં ચૂંટણી લડવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. જિલ્લા પંચાયતની આઠ બેઠકો ખેડાપા ગોઠીબ બટકવાડા બાબરોલ લીમડી ગોઠીબડા સરસવા તમામ સીટ ના ઉમેદવારો ભારતીય જનતા પાર્ટીમાંથી તૂટી લેવા માટે ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.

## જાંબુઘોડાના નાથપુરી પાસેથી સ્કૉર્પીયો ગાડીમાંથી ૨.૫૪ લાખનો દારૂ ઝડપ્યો

જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના નાથપુરી ગામે રોડ ઉપર જાંબુઘોડા પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી સ્કૉર્પીયો ગાડીના ચાલક દુરથી પોલીસની ગાડી લઈ વાહન સ્થળ ઉપર મૂકી નાશી છુટીયોહતો. પોલીસ દ્વારા ગાડીનું ચેકીંગ કરતાં ઈંગ્લીશ દારૂ બોટલ અને બિયર ટીન કિંમત ૨,૫૪,૪૦૦/-રૂપીયાનોદ દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના નાથપુરી ગામે રોડ ઉપર જાંબુઘોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન સ્કૉર્પીયો ગાડી નંબર જીજે.૧૬એએ.૩૪૩૮નો ચાલક દુરથી પોલીસનું વાહન જોઈ પોતાની સ્કૉર્પીયો ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસે સ્કૉર્પીયો ગાડીનું ચેકીંગ કરતાં ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીક બોટલો નંગ-૪૮૦ કિંમત ૨,૦૬,૪૦૦/-રૂપીયા બીયર ટીન નંગ-૪૮૦ કિંમત ૪૮,૦૦૦/-રૂપીયા મળી ૨,૫૪,૦૦/-રૂપીયાનો દારૂનો જથ્થો તેમજ સ્કૉર્પીયો ગાડી મળી ૫,૦૪,૪૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના કંજરી ગામે ગરીબ પરિવારોના મેડિકલ ચેકઅપનું આયોજન

હાલોલ, હાલોલ તાલુકાના કંજરી ગામના અસ્તિત્વ ગ્રુપ દ્વારા ગરીબ પરિવારોને સ્વાદિષ્ટ ભોજનની સાથે મેડિકલ ચેકઅપનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તમામને રૂટિન ચેકઅપ કરી જેને કોઈપણ પ્રકારની તકલીફ હોય તેનુ નિદાન કરી દવા-ગોળીનુ મફત વિતરણ કરવામાં આવ્યુ હતુ. રવિવારના રોજ હાલલના નિષ્ણાંત તબીબ પાસે આ ગામમાં ગરીબ પરિવારના બાળકો, વૃદ્ધો, તમામ લોકોનુ પ્રાયમરી રૂટિન મેડિકલ ચેકિંગ કરવામાં આવ્યુ હતુ. જેમાંથી કોઈને પણ કોઈપણ પ્રકારની તકલીફ હોય તો તે દર્દનુ નિદાન કરી તેની દવા-ગોળી પણ ગ્રુપ દ્વારા મફતમાં વિતરણ કરવામાં આવી હતી.

# ગોધરાની આર્ટ્સ સાયન્સ કોલેજના વાર્ષિક NSS કેમ્પ નો પ્રારંભ



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા, શેઠ પી.ટી.આર્ટ્સ સાયન્સ કોલેજ, ગોધરા ના વાર્ષિક એન.એસ.એસ. કેમ્પ નો પંચમહાલના કલેક્ટર અમિત અરોરા દીપ પ્રાગટ્ય કરીને કેમ્પનું ઉદઘાટન ડોક્ટરના મુવાડા ગામ ખાતે હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.બી.પટેલ, જે એલ. કે કોટેચા આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ.એચ. ગારડી કોમર્સ કોલેજ કાંકણપુરના પ્રિન્સિપાલ ડો. જૈમિની શાસ્ત્રી, ડો. સુરેશ ચૌધરી, ડોક્ટરના મુવાડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ જશપાલસિંહ સોલંકી, ડાયેટ પંચમહાલ ના કોરડીનેટર ઉપરાંત એન.એસ.એસ. ના ૬૫ જેટલા વિદ્યાર્થીઓ શિબિરમાં જોડાયા હતા. કલેક્ટર અમિત અરોરા વિદ્યાર્થીઓને ખાસ પરિણામ લક્ષી કાર્યો કરવા જણાવ્યુ હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આવા કેમ્પ થી વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ ખુબજ વધે છે અને કોરોના કાળ પૂરો થવા આવ્યો છે. ત્યારે કોવિડ-૧૯ પ્રોટોકોલ પ્રમાણે થતી આ શિબિર ના કાર્યક્રમોની ખુબજ પ્રસંસા કરી હતી. ડો. રૂપેશ નાકરે પ્રોગ્રામ ઓફિસર, એનએસએસ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. તેમણે સમગ્ર ૭ દિવસ ના આગામી કેમ્પમાં થતાં કાર્યક્રમો જેવા કે વેક્સિનેશન ડેમોન્સ્ટ્રેશન પ્રોગ્રામ, વ્યસન મુક્તિ ના કાર્યક્રમો, કલ્ચરલ પ્રોગ્રામ, રેલી, ગામમાં બ્લડ ડોનેશન કેમ્પ વગેરે ની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. જાનકી પટેલે સમગ્ર સંચાલન તથા ગ્રૂપ લીડરો તરીકે કોમલ વરિયા અને સાર્થક દરજીએ ખાસ સેવા આપી હતી. બંને કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.બી.પટેલે કોલેજે ભૂતકાળમાં કરેલા કાર્યોની માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. જ્યારે ડો. જૈમિની શાસ્ત્રી યુવાનો દેશ નું ભવિષ્ય છે તથા પંચમહાલ પ્રસાસન દ્વારા અને એનએસએસ સ્વયંસેવકો દ્વારા કોરોના કાળમાં થયેલ કાર્યોની પ્રસંસા કરી હતી અને અંગે વિદ્યાર્થીઓના આ પ્રયાસ ને વધાવ્યો હતો. જસપાલસિંહ સોલંકીએ ખાસ ગામ અને શાળા તરફથી વિદ્યાર્થીઓને શિબિરમાં પૂર્ણ સહકાર મળસે તેની ખાતરી આપી હતી. આ શિબિર ડોકટરના મુવાડા પ્રાથમિક શાળા ખાતેથી ગામમાં કુલ ૭ દિવસ ચાલશે. જેમાં વિદ્યાર્થીઓ અને પ્રોગ્રામ ઓફિસર દ્વારા વીવીધ સેવાકીય પ્રવુતિઓ ગામમાં થશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૨-૦૨-૨૦૨૧, મંગળવાર, પોષ વદ-૫, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: હસ્ત

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૮ થી અભિજીત-૧૩-૨૩ સુધી ૧૦-૧૪ થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી ૧૫-૪૮ થી શુભ ૧૭-૧૧ સુધી ૨૦-૧૧ થી લાભ ૨૧-૪૮ સુધી, ૨૩-૨૪ થી શુભ ૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૧૮થી ૧૨-૦૫ સુધી, ૧૩-૦૧થી ૧૩-૫૩ સુધી, ૧૫-૪૮થી ૧૮-૭૫ સુધી, ૧૯-૩૯ થી ૨૦-૪૦ સુધી |

# ચૂંટણીવાળા રાજ્યો માટે મોદી સરકારે પટારો ખોલ્યો: ૨.૨૭ લાખ કરોડ ફાળવ્યા

ન્યુ દિલ્હી, ચૂંટણીવાળા રાજ્યોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કુલ ૨.૨૭ લાખ કરોડની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં ખાસ વાત એ છે કે બંગાળ કરતાં વધારે ધ્યાન તમિલનાડુનુ રાખામાં આવ્યું છે. આસામ, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ માટે મોટા માર્ગ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને બજેટ ભાષણમાં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ૯૫,૦૦૦ કરોડના ખર્ચે ૬૭૫ કિલોમીટર લાંબો હાઈવે બનાવવામાં આવશે, જે કોલકાતાને સિલિગુરીથી જોડશે.

નાણાં પ્રધાને બજેટ ભાષણમાં માર્ગ, પરિવહન અને હાઈવે ક્ષેત્ર માટે રૂ. ૧.૧૮ લાખ કરોડનું બજેટ પ્રસ્તાવ રાખ્યો છે. આ અંતર્ગત કેરળમાં ૬૫૦૦૦ કરોડના ખર્ચે ૧૧૦૦ કિલોમીટર લાંબો હાઈવે બનાવવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે આસામમાં ૧૯ હજાર કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આગામી ત્રણ વર્ષમાં ૧૩૦૦ કિ.મી. લાંબા રસ્તા બનશે. નાણામંત્રીએ આગામી ત્રણ વર્ષમાં આસામમાં હાઈવે અને આર્થિક કોરિડોરની જાહેરાત કરી છે.

નાણાં પ્રધાને કહ્યું કે, રાજમાર્ગનું નિર્માણ દક્ષિણ રાજ્ય તામિલનાડુમાં ૩૫૦૦ કિલોમીટરની લંબાઈમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે તામિલનાડુમાં નેશનલ હાઈવે પ્રોજેક્ટ અને આર્થિક કોરિડોરની કિંમત ૧.૦૩ લાખ કરોડ રૂપિયા હશે. આ અંતર્ગત હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. સીતારમને મુંબઈ-કન્યાકુમારી આર્થિક કોરિડોરની પણ જાહેરાત કરી છે.

નિર્મલા સીતારામને પોતાના બજેટ ભાષણમાં બે શહેરોમાં મેટ્રો લાઈટ અને મેટ્રો નિયો સેવા શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે હાલના મેટ્રો ટ્રેન કરતાં નવા પ્રોજેક્ટમાં ઓછો ખર્ચ થશે. નાણાં પ્રધાને ચેન્નઈ, નાગપુર સહિત ઘણા શહેરોમાં મેટ્રો નેટવર્કને વિસ્તૃત કરવાની પણ જાહેરાત કરી છે. તેમણે આવતા નાણાકીય વર્ષમાં રેલવે માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવ મૂક્યો છે.

# ખેડૂતોને ૭૫,૧૦૦ કરોડની MSP, E-Nam સાથે વધુ ૧૦૦૦ માર્કેટયાર્ડ જોડાશે

ન્યુ દિલ્હી, ખેડૂતો માટે બજેટમાં મોટી જાહેરાત કરવામાં આવી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યુ કે, મુશ્કેલીના આ સમયમાં પણ મોદી સરકારનું ફોકસ ખેડૂતોની આવક ડબલ કરવા અને વિકાસની ઝડપ વધારવા અને સામાન્ય લોકોને સહાયતા પહોચાડવા પર છે. બજેટમાં કહેવામાં આવ્યુ છે કે ખેડૂતોને ખર્ચ કરતા દોઢ ગણો વધુ MSP આપવાનો પ્રયાસ કરવામાં આવશે. કહેવામાં આવ્યુ કે તમામ કોમોડિટી પર દોઢ ગણી વધુ MSP આપવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં MSP માટે ૭૫,૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નીર્મલા સીતારમણે કહ્યું કે ૧૦૦૦ વધુ માર્કેટયાર્ડને ઈલેક્ટ્રોનિક રાષ્ટ્રીય બજાર(e-NAM) અને કૃષિ મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવશે. તેમણે કહ્યું કે મૂળભૂત સુવિધાઓ વધારવા માટે એપીએમસીને ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણમાં કહ્યુ કે સરકાર ખેડૂતોની આવક ડબલ કરવા તરફ કામ કરી રહી છે. નિર્મલા સીતારમણ તરફથી કહેવામાં આવ્યુ કે યુપીએ સરકારથી ત્રણ ગણી રકમ મોદી સરકારે ખેડૂતોના ખાતામાં પહોચાડી છે. નાણા મંત્રીએ કહ્યુ કે મોદી સરકાર તરફથી દરેક સેક્ટરમાં ખેડૂતોની મદદ કરવામાં આવી છે. દાળ, ઘઉં, ધાન સહિત અન્ય પાકની એમએસપી વધારવામાં આવી છે. APMCને એગ્રી ઈન્ફ્રા ફંડના દાયરામાં લાવવામાં આવશે. દેશમાં ૫ મોટા ફિશિંગ હબ બનાવવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યુ કે સ્વામિત્વ યોજના હવે દેશભરમાં લાગુ કરવામાં આવશે. એગ્રીકલ્ચરના ક્રેડિટ ટાર્ગેટને ૧૬ લાખ કરોડ સુધી કરવામાં આવી રહ્યુ છે. ઓપરેશન ગ્રીન સ્કીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કેટલાક પાકને સામેલ કરવામાં આવશે અને ખેડૂતોને લાભ પહોચાડવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણ તરફથી કહેવામાં આવ્યુ કે પાંચ ફિશિંગ હાર્બરને આર્થિક ગતિવિધિના હબ તરીકે તૈયાર કરવામાં આવશે. તમિલનાડુમાં ફિશ લેન્ડિંગ સેન્ટરનો વિકાસ કરવામાં આવશે.

પ્રવાસી મજૂરો માટે દેશભરમાં એક દેશ-એક રાશન યોજના શરૂ કરવામાં આવી છે. એક પોર્ટલની શરૂઆત કરવામાં આવશે જેમાં માઈગ્રેટ વર્કર સાથે જોડાયેલો ડેટા હશે.

# પંચમહાલ જિલ્લામાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે

ગોધરા, પંચમહાલ જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, મતદારો નિર્ભયપણે મુક્ત રીતે મતદાન કરી શકે, ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ લાયસન્સવાળા હથિયારો સબંધિત પોલિસ સ્ટેશને જમા કરાવવા હુકમ જાહેર કરવામાં આવ્યો છે. આ હુકમ અનુસાર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં દરેક જાતના વ્યક્તિગત હથિયારોના પરવાનેદારોને તેમની પાસેના પરવાનાવાળા દરેક હથિયાર સંબંધિત પોલિસ સ્ટેશને અનામત જમા કરાવી દેવા અને સંબંધિત પોલિસ સ્ટેશનોએ તેમના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા તમામ વ્યક્તિઓ હથિયાર જમા કરાવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ કચેરીને સત્વરે કરવા અને ચૂંટણી પછી આ હથિયારો સંબંધિત પરવાનેદારોને પરત કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશ જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લાના સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોને તેમજ દેશના કોઈપણ રાજ્યના કોઈપણ સત્તાધિકારી પાસેથી હથિયારનું લાયસન્સ મેળવનારને લાગુ પડશે. આ આદેશમાંથી સરકારી, અર્ધસરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તેમજ જે રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરની શૂટિંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સનને જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે પરંતુ વ્યક્તિગત નામે ઈશ્યુ થયેલ પરવાનેદાર હથિયારધારકોને આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી નથી. કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજૂરી મળેલ હોય તેવા કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓને તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને આ આદેશ લાગુ પડશે નહીં. આ આદેશનું પાલન નહીં કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે તેમજ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ ફોજદારી પગલા લેવામાં આવશે.

(પાન નં.૪ નું ચાલુ)

**ગોધરા તાલુકાના વેગનપુર.....**

પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એકટીવા નંબર જીજે.૧૭.બીઆર. ૧૬૧૮નો ચાલક પ્રતિબંધિત એરીયામાં દારૂ લઈને પસાર થતો હતો. પોલીસને દેખી એકટીવા ચાલક સ્થળ ઉપર વાહન છોડી નાશી છુટીયો હતો. પોલીસે એકટીવા ઉપર લઈ જવાતો ઈંગ્લીશ દારૂ નંગ-૬૬ કિંમત ૭,૧૧૦/-રૂપીયા દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## દૈનિક રાશીફળ

**તા.૦૨.૦૨.૨૦૨૧ મંગળવાર**

મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય.

મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.

કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ.

સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા.

તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.

વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.

મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો.

મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ પડાવ ચોકી સામે ત્રણ રસ્તા પરથી LCB પોલીસે માઉઝર સાથે એક યુવકને પકડ્યો

દાહોદ, અગ્નિશસ્ત્ર માઉઝર અંગેની મળેલ બાતમીના આધારે ગઈકાલે બપોરે દાહોદ પડાવ ચોકી પાસે ત્રણ રસ્તા પર ગોઠવેલ વોચ દરમ્યાન દાહોદ એલસીબી પોલીસે શંકાસ્પદ જણાતા બુલેટ ચાલકને રોકી તલાસી લઈ તેની પાસેથી માઉઝર, એક કારતુસ તથા મોબાઈલ તેમજ બુલેટ મળી રૂા.૯૫,૦૫૦ના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર જીજે.ર.એપી.૧૨૬૨ નંબરની બુલેટ મોટર સાયકલ પર છરછોડા ગામનો એક ઈસમ દેશી હાથ બનાવટની ચાલુ હાલતની અગ્નીશસ્ત્ર માઉઝર લઈ દાહોદ આવતો હોવાની પોતાને મળેલ બાતમીના આધારે દાહોદ એલસીબી પોલીસે ગતરોજ બપોરના અઢી વાગ્યાના સુમારે દાહોદ પડાઉ ટાઉન પોલીસ ચોકી નં.ર ની સામે ત્રણ રસ્તા પર જરૂરી વોચ રાખી પોતાના શિકારની રાહ જોતી ઉભી હતી. તે દરમ્યાન બાતમીમા દર્શાવેલ નંબરવાળી બુલેટ મોટર સાયકલ ગરબાડા તરફથી આવતી નજરે પડતા એલસીબી પોલીસ સાબદી બની હતી અને નજીક આવતા જ પોલીસે તેને ઘેરી લીધો હતો અને તેની અંગઝડતી લઈ કમ્મરમાં ખોસી રાખેલ રૂા.૧૦,૦૦૦ની કિંમતની દેશી હાથ બનાવટની માઉઝર પકડી પાડી સાથે રૂપિયા ૫૦ ની કિંમતની કારટીસ નં.૧ રૂા.૫૦૦૦ની કિંમતનો મોબાઈલ તથા રૂા.૮૦,૦૦૦ની કિંમતની બુલેટ મોટર સાયકલ મળી રૂા.૯૫,૦૫૦નો મુદ્દામાલ ઝડપી પાડી કબ્જે લઈ તેની ધરપકડ કરી નામ પુછતા તેનું નામ વિક્રમભાઈ દીપસીંગ પલાસ ઉ.વ.૨૪ રહે. છરછોડા, ખેડા ફળીયું તા.ગરબાડા હોવાનું જણાવ્યું હતું.

આ સંબંધે દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનને માઉઝર, મોબાઈલ તથા બુલેટ મોટર સાયકલ વગેરેનો મુદ્દામાલ સાથે આરોપી વિક્રમભાઈ દીપસીંગ પલાસને સુપરત કરી દાહોદ એલસીબી પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા તાલુકાના રામા ગામે ચુલામાંથી ઉડેલ તણખાને કારણે આગ લાગતા સામાન બળીને ખાખ

દાહોદ, દે.બારીયા તાલુકાના રામા ગામે બારીયા ફળીયામાં એક ઘરમાં રસોડામાં ચુલામાં આગ લગાડીને ચુલા પર જમવાનું બનાવતી વેળાએ ચુલામાંથી આગનો તણખો ઘરમાં મુકેલ ઘાસંમા અચાનક પડતા આગ લાગવાથી ઘરનો ચાર ગાળાનો ઉપર નળીયાવાળા ભાગ, સરીઓ, તથા વળા સાથે સંપુર્ણ બળી જતા ઘાસઅનાજ તથા ઘરવખરીનો સામાન બળી જતા આશરે રૂા.૨૫૦૦૦નું નુકશાન થયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના રામા ગામના બારીયા ફળીયામાં રહેતા પ્રવીણભાઈ ચીમનભાઈ બારીયાની પત્ની ગતરોજ સવારે અગ્યાર વાગ્યાના સુમારે પોતાના ઘરના રસોડામાં ચુલામાં આગ પેટાવી જમવાનું બનાવતી હતી તે વખતે ચુલામાંથી ઉડેલ તણખો ઘરમાં મુકેલ ઘાસમાં પડતા અચાનક ઘાસમાં આગ લાગતા આગમાં ઘરનો ચાર ગાળાનો ઉપરનો નળીયાવાળો ભાગ, સરીઓ તથા વળા સાથે સંપુર્ણ બળી જતા ઘરમાં મુકેલ ઘાંસ, અનાજ તથા ઘરવખરી સરસામાન વગેરે બળી જતા આશરે રૂા.૨૫૦૦૦નું નુકશાન થવા પામ્યું હતું.

આ સંબંધે પ્રવીણભાઈ ચીમનભાઈ બારીયાએ દે.બારીયા પોલીસને જાણ કરતા પોલીસે આગ અંગેની જાણવાજોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ માત્ર એક કોરોના કેસ નોંધાયો

દાહોદ, દાહોદ જિલ્લામાં ધીરે ધીરે કોરોના સંક્રમણના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે માત્ર એક કેસ સામે આવ્યો છે. આમ, જિલ્લામાં હવે એક્ટીવ કેસની સંખ્યા પણ ઘટી માત્ર ૧૧ રહેવા પામી છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૮૬ પૈકી માત્ર ૦૧ કેસ સામે આવ્યો છે અને આ કેસ દાહોદ અર્બન વિસ્તારમાંથી આવ્યો છે. આજે વધુ ૦૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એકટીવ કેસની સંખ્યા ૧૧ ઉપર પહોંચી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૭ લોકો પોતાની જીવ ગુમાવી ચુક્યાં છે અને જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૮૦૧ ને પાર કરી ગયો છે.

## ઝાલોદના રળિયાતીભુરા ગામે ટ્રેકટર ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક એડવોકેટને ઈજાઓ

દાહોદ, ઝાલોદ તાલુકાના રળિયાતીભુરામાં રહેતા અને વ્યવસાયે વકીલાત કરતા ઈન્દ્રજીત ધીરૂભાઈ નિસરતાં પોતાની જીજે-૨૦-એસી-૮૪૧૬ નંબરની મોટરસાયકલ લઈને ઝાલોદ કોર્ટમાં ગયા હતા. તે દરમિયાન ફોન આવતા ઝાલોદ આઈ.ટી.આઈ.પાસે વળાંકમાં મોટરસાયકલ ઉભી રાખી ફોન ઉપર વાત કરત હતા ત્યારે જીજે-૨૦-એલ-૫૭૩૫ નંબરના ટ્રેકટરના ચાલકે તેનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટરસાયકલ લઈને ઉભેલા ઈન્દ્રજીતભાઈને ટકકર મારી પાડી દેતા ડાબા પગના ઢીંચણે તથા ડાબા હાથે કાંડાના ઉપર તેમજ માથાના અને મોંઢાના ભાગે ઈજાઓ પહોંચાડી ચાલક ટ્રેકટર લઈને ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત ઈન્દ્રવદનભાઈના ઝાલોદ સરકારી દવાખાને પ્રાથમિક સારવાર આપ્યા બાદ દાહોદના ખાનગી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. ઈન્દ્રવદનભાઈ સારવાર માટે રોકાયેલા હોવાથી એક મહિના બાદ ટ્રેકટર ચાલક વિરુદ્ધ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલ વધુ ૬૦ કોંગ્રેસી કાર્યકર્તા BJPમાં જોડાયા

દાહોદ, સ્થાનીક સ્વરાજ્યની ચુંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. અગાઉ કોંગ્રેસના અનેક કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા હતા ત્યારે આજે ફરીવાર જિલ્લામાં ફરીવાર ૬૦ થી વધુ કોંગ્રેસ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાતાં કોંગ્રેસમાં ભડકો થયો છે. પરિસ્થિતીને જોતા લાગી રહ્યું છે કે, ટુંક સમયમાંજ કોંગ્રેસ ભોય તળીયે ખસી જશે અને કોંગ્રેસનું નામો નિશાન પણ નહીં રહે જેવી અનેક ચર્ચાઓ લોકમુખે ચર્ચાઓ રહી છે.

કોંગ્રેસ પાર્ટીમાં પોતાની અવગણના થતી હોવાના ગણગણાટ અને અંદરોખાનેના આક્ષેથી સ્થાનીક સ્વરાજ્યની ચુંટણી પહેલા અને અગાઉ અનેક કાર્યકર્તાઓ કોંગ્રેસનો છેડો ફાડી ભાજપમાં જોડાયા છે આજે ફરીવાર આવી જ કંઈક બન્યું છે. દાહોદ જિલ્લાના કોંગ્રેસના ફ્રન્ટલાઈનના ૬૦ થી વધુ કોંગ્રેસ કાર્યકર્તાઓ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર અમલીયારની ઉપસ્થિતીમાં ભાજપમાં જોડાયા હતાં. આ ૬૦ કાર્યકર્તાઓમાં જિલ્લા કોંગ્રેસના યુવા મોરચાના મહામંત્રી મંજુલાબેન મિનામા સહિત ૬૦ કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા તમામ કાર્યકરોનું ભાજના અગ્રણીઓ દ્વારા ખેસ પહેરાવી પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ફતેપુરા તાલુકાના ૧૯૭ પૈકી ૧૧૪ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કર્યા

સુખસર, ફતેપુરા તાલુકા સહિત રાજયભરમાં નગરપાલિકા- મહાનગરપાલિકા જિલ્લા અને તાલુકા પંચાયતની ચુંટણીનુ જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ચુકયુ છે. પોલીસ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ મતદાન કેન્દ્રોની મુલાકાત અને ગામોની મુલાકાત લેવાઈ રહી છે. ફતેપુરા તાલુકામાં તાલુકા જિલ્લા પંચાયતની ચુંટણીમાં ૧૯૭ જેટલા મતદાન કેન્દ્રોનો સમાવેશ થયેલો છે. જેમાં અતિસંવેદનશીલ-૯૩ સંવેદનશીલ-૨૧ અને સામાન્ય-૮૩ હોવાનુ જાણવા મળ્યુ હતુ. સુખસર વિસ્તારના અતિસંવેદનશીલ મતદાન કેન્દ્ર પર સુખસર પી.એસ.આઈ. એન.પી.સલોત ફતેપુરા પી.એસ.આઈસી.બી.બારડ તથા પોલીસ સ્ટાફ દ્વારા વિવિધ કેન્દ્રોની મુલાકાત લેવાઈ રહી હોવાનુ જાણવા મળ્યુ હતુ.

## સમયની બલિહારી



જીજ્ઞા કપુરીયા (નિયતી)

સ=સરસ

મ=મજાનો

ય=યોગ

એ વાત જુદી છે કે આ યોગને પામવામાં મનુષ્ય પોતાનું આખું જીવન ન્યોછાવર કરી નાંખે છે!

સમય એટલે ''જીવનથી મૃત્યુ સુધીની સફર''

ખરેખર દરેક મનુષ્ય સમય રૂપી તાળામાં જ બંધ છે અને સમય જ એની કૂંચી છે. આધરા પરનું સનાતન સત્ય એટલે ''સમય'',જે યુગયુગાંતરથી સતત ગતિમાન છે !

મિત્રો, સમયને પારખીને જ એને સૌભાગ્યશાળી બનાવી શકાય છે. સમયને કોઈ ખરીદી શકતું નથી, તમે ગમે એટલી કિંમતી ઘડિયાળ પહેરો પણ એનો અવિરત પ્રવાહ તો વહેતો જ રહે છે!

સમયમાં કોઈને રાજામાંથી રંક બનાવવાની તાકાત છે! એનાં અનેક ઉદાહરણ પુરાણોમાં જોવા મળે છે. સમય સાથે સંજોગ અને નિયતી જોડાયેલા જ છે. સમયની પહેલાં જો સંજોગ ન હોય અને નિયતીમાં ન લખાયેલું મનુષ્ય ક્યારેય મેળવી શકતો જ નથી!

મિત્રો સંજોગોવશ અનિવાર્ય સમયમાં બોલાયેલું અસત્યનું પણ કોઈની જીવનરેખા બની જાય છે. એમાંથી ઈશ્વર પણ બાકાત નથી, ભગવાન શ્રીકૃષ્ણે પણ ધર્મરાજા યુધિષ્ઠિર પાસે સમય પારખીને અર્ધ સત્ય બોલાવીને ''નરો વા કુંજરો વા'' કરવું પડયું હતું ! એમાં માનવજાતનું કલ્યાણ જ હતું.

મિત્રો, સમય સાથે ઉતાર ચઢાવ આવે જ છે એને પારખીને જીવતાં શીખશો તો મઝા જ અનેરી આવશે....

## સોશિયલ મિડિયાને કાયદા હેઠળ લાવવાની માંગ: સુપ્રિમે કેન્દ્ર સરકારને નોટિસ મોકલી

ન્યુ દિલ્હી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના નિયમન માટે કાયદો ઘડવાનો આદેશ આપવા અને નફરત ફેલાવતા ફેક ન્યૂઝને ફેલાતા અટકાવવા માટે સોશિયલ મીડિયા સાઈટ્સ ફેસબુક, વ્હોટ્સઅપ, ઈન્સ્ટાગ્રામ અને ટ્વીટરને જવાબદાર ઠેરવતી માંગ વાળી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. આ અરજી વકીલ વિનીત જિંદલ દ્વારા દાખલ કરવામાં આવી છે. જેમાં કોર્ટને આગ્રહ કરવામાં આવ્યું છે કે, તે કેન્દ્ર સરકારને એવી વ્યવસ્થા બનાવવાનો આદેશ આપે. જેમાં નફરત ફેલાવતા ભાષણ અને ફેક ન્યૂઝ સોશિયલ મીડિયા સાઈટ પરથી દૂર થાય. જેથી ભડકાઉ ભાષણ કે ફેક ન્યૂઝની નકારાત્મક અસરને ઓછી કરી શકાય.

અરજીમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ થકી નફરત ફેલાવતા ભડકાઉ ભાષણો અને ફેક ન્યૂઝના ફેલાવા માટે દાખલ દરેક કેસમાં નિષ્ણાંત તપાસ અધિકારી નિયુક્ત કરવાનો આદેશ આપવાની સુપ્રીમ કોર્ટ સમક્ષ માંગ કરવામાં આવી છે. કોર્ટમાં દાખલ અરજી મુજબ, ચેનલ શરૂ કરવા માટે એક રજિસ્ટર્ડ એકાઉન્ટ પૂરતું છે.

## દાહોદ જીલ્લાની તમામ શાળાઓમાં ધો.૯ અને ૧૧ના વર્ગો શરૂ થતાં પ્રથમ દિવસે ૪,૭૫૧ વિદ્યાર્થી હાજર રહ્યા

દાહોદ, ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો ચાલુ કરવાના આદેશો બાદ આજથી ધોરણ ૯ થી ૧૧ ના પણ વર્ગો રાબેતા મુજબ ચાલુ કરવાના આદેશો સાથે જ દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ પણ સુસજ્ઝ બની આજથી આ વર્ગો પણ ચાલુ કરી દેવામાં આવ્યાં હતાં. જિલ્લાની તમામ શાળાઓમાં સેનેટરાઈઝરીંગ કરવાની કામગીરી અગાઉ આરંભ કરી દેવામાં આવી હતી. ધોરણ ૯ થી ૧૧માં ૪,૭૫૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં જ્યારે ધોરણ ૧૦ અને ૧૨માં આજે કુલ ૧૮,૪૦૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં છે.

કોરોના વૈશ્વિક મહામારી બાદ આખુ એક વર્ષ શિક્ષણથી બાળકો વંચિત રહ્યાં હતાં ત્યારે હવે કોરોના વેક્સિન આવવાની સાથે જ નવા વર્ષના આરંભ સાથે જ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ પણ હવે વર્ગો શરૂ કરી દેવાના આદેશ આપી દીધા છે. ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ થયા બાદ આજથી ધોરણ ૯ અને ૧૧ ના વર્ગો પણ શરૂ થતાં દાહોદ જિલ્લાની શાળાઓ ફરી ધમધમતી થઈ છે. દાહોદ જિલ્લામાં ધોરણ ૦૯માં કુલ ૩૪૯૭૨ વિદ્યાર્થી નોંધાયેલ છે. જેમાંથી અત્યારે માત્ર ૬૫૭૦ વિદ્યાર્થીઓના વાલીઓએ સંમતિપત્ર આપેલ છે. તેવી જ રીતે ધોરણ ૧૦માં ૩૧૪૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૮૫૮૦ સંમતિપત્ર આપેલ છે. ધોરણ ૧૧ની વાત કરીએ તો જિલ્લામાં કુલ ૧૨૮૭૫ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૨૪૭૫ વિદ્યાર્થીઓના સમંતિપત્ર આવેલ છે જ્યારે ધોરણ ૧૨માં જિલ્લામાં કુલ ૧૩૫૭૫ વિદ્યાર્થીઓ પૈકી ૯૮૫૦ વિદ્યાર્થીઓના સંમતિપત્ર આવેલ છે. આમ, દાહોદ જિલ્લામાં ફરીવાર શાળાઓ ખુલતાં વિદ્યાર્થીઓની ચહલ પહલ જોવા મળી હતી. જિલ્લાની શાળાઓમાં હાલ કોવિડ – ૧૯નું પણ ચુસ્તપણ પાલન કરવામાં આવી રહ્યું છે. શાળામાં પ્રવેશતાની સાથે જ ફરજીયાત માસ્ક, સેનેટરાઈઝરનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ દરેક વર્ગમાં શોસીયલ ડિસ્ટન્સનું પાલન સાથે વર્ગ ખંડોમાં વિદ્યાર્થીઓને બેસાડવામાં આવી રહ્યાં છે.



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ફતેપુરા તાલુકાના મોટા નટવા તાલુકા સીટ માટે BTP ની મિટિંગ કરવામાં આવી જેમાં દાહોદ જિલ્લાના BTP પ્રમુખ અજયભાઈ કટારા, દાહોદ જિલ્લાના મહામંત્રી હિતેશભાઈ પારગી, દાહોદ જિલ્લા ના મંત્રી કિરીટભાઈ કિશોરી, ATS ના ગુજરાત અધ્યક્ષ રાજુભાઈ વળવાઈ તથા તમામ કાર્યકરોએ હાજરી આપી હતી.

## ઈન્ડિયન એરફોર્સ ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર જેટ ખરીદવાની તૈયારીમાં



ન્યુ દિલ્હી, ભારતીય વાયુસેના વારંવાર પોતાની તાકાત વધારવામાં જ લાગી છે. રાફેલ અને તેજસ પછી વાયુસેના ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર વિમાનની ખરીદી કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ડીલનો ખર્ચ ૧.૩ લાખ કરોડ રુપિયા થવાનું અનુમાન છે.


તાજેતરમાં જ મોદી સરકારે તેજસ ફાઈટર વિમાનની ખરીદી કરવાની અનુમતિ આપી હતી. હવે વાયુસેના ૧૧૪ અને ફાઈટર વિમાનોની ખરીદીની યોજના બની રહી છે. આગામી એર ઈન્ડિયા શોમાં ૮૩ તેજસ ફાઈટર વિમાનની પણ ડીલ થવાની આશા છે. તેજસ એક લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ એટલે કે એક હળવું વિમાન છે. ૮૩ તેજસ માર્ક ૧એ વિમાનોની ખરીદી માટે કેન્દ્ર સરકારે ૫0000 કરોડની ડીલને મંજૂર કરી છે. સૂત્રો અનુસાર તેજસ વિમાન ધીરે ધીરે હટાવવામાં આવતા મિગ-૨૧ની સ્ક્વોડ્રન ૪ની જગ્યા લેશે.

જે પછી ભારતીય વાયુસેના હવે ૧૧૪ અન્ય ફાઈટર વિમાનોની ખરીદી કરવાની તૈયારી કરી રહ્યું છે. ૧.૩ લાખ કરોડની આ ખરીદી માટે વાયુસેનાએ રિક્વેસ્ટ ફોર ઈન્ફર્મેશન પહેલા જ જાહેર કરી છે. દુનિયાભરના અનેક કંપનીઓએ આ સોદામાં રસ દાખવ્યો છે. અમેરિકા, રશિયા, ફ્રાંસ, સ્વીડન જેવા દેશોની દિગ્ગજ કંપનીઓએ આરએફઆઈ જાહેર થયા પછી ડીલને લઈને ઉત્સુકતા દાખવી છે.

અમેરિકન કંપની તરફથી એફ-૧૫ સ્ટ્રાઈક ઈગલ, એફ-૧૮ સુપર હોર્નેટ અને એફ-૧૬નું એક વેરિયન્ટ એફ-૨૧ ઓફર કરવામાં આવી રહ્યું છે. રશિયાની કંપની મિગ-૨૧ અને સુખોઈની ડીલને લઈને વાતચીત ચાલુ છે. સ્વીડનની સાબ ગ્રિપેન ફાઈટર એરક્રાફ્ટને લઈને વાત ચાલી રહી છે.

નોંધનીય છે કે તાજેતરમાં જ વાયુસેના પ્રમુખ આરકેએસ ભદૌરિયા રફાલને ૧૧૪ વિમાનના આ નવા સોદા માટે પ્રબળ દાવેદાર છે. નોંધનીય છે કે ભારત અને ફ્રાંસ વચ્ચે ૩૬ રફાલ ફાઈટર વિમાનોની ડીલને લઈને પહેલા જ સમજૂતી થઈ ચૂકી છે. અનેક રફાલ વિમાન ભારતીય વાયુસેનામાં સામેલ થઈ ચૂક્યા છે. નોંધનીય છે કે વાયુસેના આ ડીલ માટે સંરક્ષણ મંત્રાલય તરફથી ટૂંક સમયમાં જ એકસેપ્ટન્સ ઓફ નેસેસિટી લેવાના પ્રસ્તાવની તૈયારી કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર ફાઈટર જેટને લઈને થતી સમજૂતીમાં મેડ ઈન ઈન્ડિયા અને ટેકનોલોજી ટ્રાન્સફરની શરત પણ રહેશે.

## કોરોના ઈફેક્ટ: અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની અવરજવરમાં ઘટાડો



અમદાવાદ, સમગ્ર દેશમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે. કોરોનાનું સંક્રમણ કાબૂમાં આવી રહ્યું છે, ત્યારે ફલાઈટમાં મુસાફરી કરનારા લોકોની સંખ્યા હજુ પણ વધી નથી. અમદાવાદના એરપોર્ટ પર ગત ડિસેમ્બર દરમિયાન ૪.૫૩ લાખ ડોમેસ્ટિક મુસાફરોની અવરજવર નોંધાઈ હતી, જેમાં ૨૦૧૯ના ડિસેમ્બર કરતાં ૪૬.૩૦નો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, છેલ્લા ત્રણ મહિનામાં વિદેશથી આવતા-જતા ૫૮ હજાર કરતાં વધુ મુસાફરોની અમદાવાદ એરપોર્ટ પર અવરજવર નોંધાઈ છે. અમદાવાદ એરપોર્ટમાં ડિસેમ્બર-૨૦૧૯માં ૮ લાખ ૪૪ હજાર ૩૧૪ મુસાફરો, જ્યારે ૬ હજાર ૪૮૭ ફલાઈટની અવરજવર નોંધાઈ હતી.

ગત વર્ષે પ્રત્યેક ફલાઈટમાં સરેરાશ ૧૩૦ મુસાફરોનું આવાગમન હતું, જેની સરખામણીએ ડિસેમ્બર ૨૦૨૦માં ૪૯૪૫ ફલાઈટની અને ૪ લાખ ૫૩ હજાર ૭૬૨ ફલાઈટની અવરજવર થઈ હતી. ગત મહિને પ્રત્યેક ફલાઈટમાં સરેરાશ ૯૨ મુસાફરો હતા. કોરોનાને પગલે માર્ચ-૨૦૨૦ના ત્રીજા સપ્તાહથી નિયમિત આંતરરાષ્ટ્રીય ફલાઈટ બંધ છે. જાણકારોના મતે, કોરોનાના કેસમાં ઘટાડો થતાં હવે સ્થિતિ પૂર્વવત્ થઈ રહી છે. જાન્યુઆરી માસથી એરટ્રાફિકમાં પણ વધારો થઈ રહ્યો છે, જેને પગલે કેટલીક એરલાઈન્સ દ્વારા આવતા મહિને અમદાવાદથી નવી ફલાઈટ પણ શરૂ કરવામાં આવશે, જેમાં શિરડી-ઔરંગાબાદ-નાગપુર-ભોપાલ જેવા રૂટનો સમાવેશ થાય છે.

## ઓઈલના વેપારીના લાખો રૂપિયા લૂંટી લેનારા બંન્ને આરોપીઓ ઝડપાયા

સુરત, શહેરના રામપુરામાં ખાતે ઓઈલના વેપારીના બે કર્મચારીને આંતરી ૨૦ લાખની લૂંટ ચલાવનાર અને ટીપ આપનાર એમ ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૨૦ લાખ પૈકી પોલીસે ૧૫ લાખ રિકવર કરી આરોપીઓ ને જેલ ના સળિયા પાછળ ધકેલ્યા છે. સુરતમાં રામપુરા ભરચક વિસ્તારમાં લૂંટારુ જંગી રોકડ લૂંટી ગયો હતો. આંગડીયા પેઢીમાં પૈસા ભરવા જતા હતા ત્યારે એક કર્મચારીને ચપ્પુ મારતા બાઈક સાથે પટકાયો હતો. બીજા કર્મચારીને ચપ્પુ બતાવી રોકડનો થેલો ઝુંટવી આરોપી પલાયન થઈ ગયો હતો. સુરતના રામપુરા ચાર રસ્તા નજીક સાંજે ઓઈલના વેપારીના બે કર્મચારી આંગડીયા પેઢીમાં પૈસા ભરવા બાઈક ઉપર જતા હતા, ત્યારે બાઈક ઉપર આવેલા માસ્કધારી લૂંટારુએ એક કર્મચારીને ચપ્પુ મારતા તે બાઈક સાથે પટકાયો હતો. બાદમાં લૂંટારુએ બીજાને ચપ્પુ બતાવી રોકડા રૂ.૨૦ લાખ ભરેલો થેલો ઝુંટવી લીધો હતો. બાઈક ઉપર ભાગી છૂટ્યો હતો.

બનાવની જાણ થતા શહેરભરની પોલીસ દોડતી થઈ ગઈ હતી અને નાકાબંધી કરી લૂંટારુને ઝડપી પાડવા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. રામપુરા રાજાવાડી ખાતે સુપ્રિમ ઓઈલના નામે ઓઈલનો ભાગીદારીમાં વેપાર કરતા અસલમભાઈના વર્ષો જુના બે કર્મચારી હમીદ અને અમીન નિત્યક્રમ મુજબ ઓફિસથી બાઈક ઉપર રોકડા રૂપિયા ૨૦ લાખ એક થેલામાં લઈ એક પાર્ટીને પેમેન્ટ આપવા તેમજ બહારગામના વેપારીઓને પેમેન્ટ ચૂકવવા આંગડીયા પેઢીમાં જમા કરાવવા નીકળ્યા હતા.

તેઓ થોડે દૂર જ પહોંચ્યા હતા, ત્યારે રામપુરા ચાર રસ્તા પાસે લોકોની ભારે અવરજવર વચ્ચે એક બાઈક ઉપર માસ્ક પહેરીને આવેલા અજાણ્યાએ બાઈક ચલાવી રહેલા હમીદને જાંઘના ભાગે ચપ્પુ મારતા તે અને પાછળ બેસેલો અમીન બાઈક સાથે નીચે પટકાયા હતા. લૂંટ ચલાવી ત્યારે મહિધરપુરા પોલીસ અને આજુ બાજુ સ્ટેશન ની પોલીસ માણસો તાત્કાલિક તપાસમાં જોતરાઈ ગઈ હતી.ત્યારર મહિધરપુરા પોલીસે લૂંટ કરનાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 136

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પ્રસૂતિ બાદ એન્થેશીયાના ઓવરડોઝ થી ગંભીર બીમારીમાં પટકાયેલી મહિલા

# ગોધરાના ડો.વસીમ મન્સુરી (ગાયનેકોલોજીસ્ટ) ની બેદરકારીને કારણે માતાનું મોત થયાના આક્ષેપ થી ખળભળાટ

- અખિલ ભારતીય હિંદુ મહાસભા દ્વારા નાયબ મુખ્યમંત્રી તથા કલેકટરને રજુઆત.
- તબીબની બેદરકારીના કારણે પેરાલીસીસ થયા બાદ મોત થયાનો આક્ષેપ.
- માતા મોતના મોંમા ધકેલાતા બે બાળકો એ માતાની છત્રછાયા ગુમાવી.
- દર્દનાક કિસ્સો : તબીબ રક્ષક કે ભક્ષક ?
- પરિવાર લાચાર !! અને તબીબ લાલચું ?
- નોંધારા બનેલા બે બાળકો પૈકી ૪ માસની પુત્રી માં વિના તડપી રહી છે.
- પરિવારને વ્હારે ન્યાય માટે સામાજીક કાર્યકર અને સંસ્થા આગળ આવી.
- તબીબની ભૂલનો ભોગ નો આ કિસ્સો લાલબત્તી સમાન.
- વડોદરામાં કોઈ ફરક નહીં પડતા અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.
- હકીકત છુપાવતા પેરાલીસીસનો ભોગ બનીને મહિલા દર્દી ચાર મહિના પથારીવશ રહી હતી.

ગોધરા,

ગોધરાની મહિલાને પ્રસૃતિ બાદ ગોધરાના તબીબે ઉપરાછાપરી તથા એન્થેશીયાના અપાયેલા ઓવરડોઝના કારણે આડ અસરો ઉદ્ભવી હતી. તેની ગંભીર અસર થતા વડોદરા સારવાર ચાલુ કરવા છતાં કોઈ ફરક નહીં પડતા અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ પેરાલીસીસમાં ભોગ બનીને પથારીવશ થયા બાદ આખરે ગોધરાના તબીબે બેદરકારી રાખીને હકીકત છુપાવવાના પગલે ગંભીર બીમારી સાથે મહીલા દર્દીનું મોત નિપજતા પરિવારજનો શોકમય બન્યા છે. નોંધારા બનેલા બે બાળકો પૈકી ૪ માસની પુત્રી માં વિના તડપી રહી છે. જયારે ન્યાય માટે સામાજીક કાર્યકર અને સંસ્થા આગળ આવીને આ બેદરકારી દાખવનાર તબીબ ડો.વસીમ મન્સુરી (ગાયનેકોલોજીસ્ટ) સામે પગલાં લેવા કલેકટર સહિત નાયબ મુખ્યમંત્રીને આક્ષેપ યુકત પત્ર લખતા શહેરમાં ચકચાર મચી ગઈ છે.





### નોર્મલ ડીલેવરીને બદલે સીઝરીયન કરાયું

ગુજરાત સરકાર દ્વારા માં અમૃતમ કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, પ્રધાનમંત્રી આયુશ્ય યોજના જેવી ગરીબલક્ષી યોજનાઓ કાર્યરત થઈ હોય ડોકટરના ધંધા રોજગારમાં મંદી આવવાને કારણે ડોકટર વસીમ દ્વારા ઈરાદાપૂર્વક નોર્મલ ડીલેવરી ન કરી અને વધારે રૂપિયા પડાવવાના હેતુથી રૂહાનાબેનને સીંઝરીયન કરવામાં આવ્યું હતું . જેમાં ડોકટરની બેદરકારીથી રૂહાનાબેને પોતાની જાન ગુમાવી પડેલ છે. તેમ આક્ષેપ કરાયા છે.

અખિલ ભારત હિન્દુ મહાસભા ગુજરાતના યુવા અદયક્ષ આશિષ પટેલ અને અદ્યક્ષ મિતેષ પટેલ એ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને ઉપદ્દેશીને લખેલા પત્રમાં અને કલેકટર તથા આરોગ્ય વિભાગમાં કરાયેલી રજુઆતમાં આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, ગોધરાના તાહીર અ.રજ્જાક મન્સુરીએ જણાવ્યા મુજબ તેઓની પત્ની રૂહાના તાહીર મન્સુરી ની ગર્ભાવસ્થા દરમ્યાન ડો.વસીમ મજુરી (મન્હા હોસ્પિટલ, ગોધરા) ખાતેથી સારવાર ચાલુ હતી. તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ સવારે રૂટીન ચેકઅપ માટે જતા ડોકટરે જણાવ્યું કે ગર્ભાશયમાં પાણી ઓછુ હોવાથી તાત્કાલિક ઓપરેશન કરવું પડશે, તેમ જણાવતા તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ તેઓની પત્નીને સીઝરીંગ થી પ્રસુતિ માટે બપોરે દાખલ કરીં ઓપરેશન ક્રતા પુત્રીનો જન્મ થયો હતો. પરંતુ આ ઓપરેશન શરૂ કરતાં પહેલા ડોકટરે રૂહનાનો લોહીનો રીપોર્ટ પણ નહોતો કઢાવ્યો અને ઉતાવળ કરી ડોકટર દ્વારા ઘોર બેદરકારી રાખી બેહોશી માટે એનેસ્થેશીયાના ઓવરડોઝ ઉપરા ઉપરી અપાતા તેની આડ અસરો ચાલુ થઇ હતી. સારવાર માટે ડો. વસીમ ને ત્યાં ચેકઅપ માટે જતા ત્યારે નોર્મલ દવા-ઈન્જેકશન મુકી રજા આપી દેવામાં આવતી હતી. પરંતુ રૂહાનાબેનને ગંભીર આડ અસરની સાચી હકીકતથી વંચિત રાખેલ હતા.

### અવાર નવાર વિવાદમાં ઘસડાતા તબીબ

આક્ષેપમાં જણાવ્યા અનુસાર ગોધરાની મહિલાને એન્થેસીયાના ઓવરડોઝને કારણે પેરેલેસીસ બાદ અવસાન થયો હોવાનો કિસ્સો ગંભીર ગણવામાં આવે છે. આમ ઉપર મુજબની વિગતે ડો. વસીમ મન્સુરી દ્વારા આ પહેલો કેસ નથી . વારંવાર તેમની હોસ્પીટલમાં ડીલેવરી દરમ્યાન કેટલીય બહેનોએ જાન ગુમાવી છે. અગાઉ પણ આ ડો.વસીમ મજુરી ઉપર ગર્ભ પરીક્ષણનો કેસ બનેલ છે. તે બાબતે તેમના હોસ્પીટલ મન્હા મેટરનીટી હોમ ને પંચમહાલ આરોગ્ય પ્રશાશન તરફથી સીલકરવામાં આવેલ હતી.

છેવટે MRI રીપોર્ટ કરાવતા એનેસ્થેશીયાના ઓવરડોઝ અને ડોકટરની બેદરકારીને કારણે પેરાલીસીસ અને શરીરમાં ઈન્ફેકશન હોવાનું રીપોર્ટમાં જાણવા મળ્યું હતું. રૂહાનાબેનને તાત્કાલિક સારી સારવાર મળી રહે તે માટે વડોદરા વીન્સ હોસ્પીટલમાં દાખલ કરાતા આ બિમારી સામે કોઇ ઈલાજ શક્ય ન બનતાં અમદાવાદ જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરી સ્પેશ્યાલીસ્ટ ડોકટરોને પણ બોલાવી ઈલાજ માટે પ્રયત્નો કરવા ઉપરાંત મોટી રકમનો ખર્ચ કરેલ છે તે શક્ય તો તમામ પ્રયાસ કરેલ છે. પરંતુ ડો.વસીમની બેદરકારી અને એનેસ્થેશીયાના ઓવરડોઝની આડ અસરો સામે આ તમામ પ્રયાસો અને તેઓની પત્નીને બચાવવા માટે નિષ્ફળ રહેલ હતા. ૪ માસનો સમય રૂહાનાબેન પથારીવશ રહી રીબાઇ રીબાઇ ને આખરે તા.૧૮/૧/ ૨૦૨૧ ના રોજ અવસાન પામતા તેઓના નાના બે બાળકોના માથેથી માં નો સાંચો ઉઠી ગયેલ છે. વધુમાં આક્ષેપ સાથે જણાવાયું છે કે, ભવિષ્યમાં રૂહાનાબેનની જેમ બીજા કોઇ બહેનને જાન ગુમાવી ન પડે તે માટે તાત્કાલિક ધોરણે આવા બેદરકાર ડોકટર ઉપર પગલા લઈ કાયમી ધોરણે લાયસન્સ રદ કરી પ્રેકટીસ બંધ કરાવવામાં આવે તેવી વિનંતી કરાઈ છે.

### ટીમ રચીને સમગ્ર મામલે તપાસની ખાતરી

ગર્ભવતી મહિલાનું પ્રસૃતિ બાદ એન્થેસીયાના ઓવરડોઝને કારણે પેરેલેસીસ બાદ અવસાન થયું છે. હાલમાં પરિવાર નિઃસહાય હાલતમાં લાચારી અનુભવી રહ્યું છે. માતા વિના બે બાળકો નોંધારા બની ગયા છે. પૈકી એક તો માસૂમ બાળક પુત્રી માં વિના તડપતા તેની પ્રત્યે અનુકંપા વ્યકત કરી રહ્યું છે. દુઃખદ પરિવાર આ બેદરકાર તબીબ સામે પગલાં ભરીને ન્યાય માટે સરકારમાં ધા કરી છે. સાથે સાથે અરજદારને સાથે રાખીને જીલ્લા આરોગ્ય અધિકારી સમક્ષ રજુઆત કરવામાં આવતાં તેઓએ તબીબ વિરૂદ્ધ ચાર સભ્યોની નિષ્ણાંત ટીમ રચીને સમગ્ર મામલે તપાસની ખાતરી આપવામાં આવી છે. હવે જોવું રહ્યું કે કયારે ન્યાય મળશે : તોફીક મલેક, સામાજીક કાર્યકર્તા.

## મોરવા(રેણા) ની હાઈસ્કુલ બહાર સરપંચના પતિ દ્વારા ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ શરૂ કરાતાં TDOને રજુઆત

શહેરા,

શહેરા તાલુકાના મોરવા(રેણા) ગૃપ કેળવણી મંડળની માલિકીની જમીનમાં ૧૯૬૧ થી થી શ્રી કે.એમ. મહેતા હાઈસ્કુલમાં ૯ થી ૧૧ વર્ગોનું મકાન આવેલ છે. શાળાના મુખ્ય દ્વાર થી જાહેર રસ્તો શરૂ થાય છે. ત્યારે શાળાના આગળના ભાગે ગામના સરપંચના પતિ દ્વારા સત્તાનો દુરઉપયોગ કી ૪ જેટલી કોર્મશીયલ દુકાનો બાંધકામ કરવામાં આવી રહ્યું છે. તેવા ગેરકાયદેસર બાંધકામને રોકવા માટે શહેરા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

શહેરા તાલુકાના મોરવા(રેણા) ગૃપ કેળવણી મંડળ ની માલિકી જમીનમાં વર્ષ ૧૯૬૧ થી શ્રી કે.એમ.મહેતા સાર્વજનિક હાસ્કુલમાં ધો.૯ થી ૧૧ના વર્ગોનું મકાન આવેલ છે. શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. શાળાની આગળ મુખ્ય દ્વાર થી આવેલ માર્ગ અને મકાન વિભાગની રોડની હદમાં સરપંચના પતિ નટવરભાઈ અંબાલાલ પટેલ દ્વારા ગેરકાયદેસર રીતે સત્તાનો દુરઉપયોગ કરીને ૪ જેટલી કોર્મશીયલ દુકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. શાળાની આગળ દુકાનોનું બાંધકામ થતાં શાળાના મકાન ઢંકાઈ જાય તેમ છે. જો કે અહીં એસ.એસ.સી. અને એચ.એસ.સી.બોર્ડનું આવેલ પરીક્ષા કેન્દ્રમાં બોર્ડ દ્વારા દર વર્ષ પરીક્ષા લેવામાં આવે છે. નિયમો મુજબ જાહેર રસ્તા અને શાળાના કંપાઉન્ડ વોલને અડીને દુકાનો બનાવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે. શાળાના મુખ્ય દરવાજા પાસે વાહનોના પાર્કિંગ થી શાળાના બાળકોને અવર-જવરમાં મુશ્કેલી પડી શકે છે. સાથે બોર્ડની પરીક્ષા દરમ્યાન આની ગેરકાયદેસર દુકાનોને લઈ પરીક્ષામાં ચોરીને વેગ મળી શકે છે. ત્યારે આવા ગેરકાયદેસર બાંધકામને અટકાવવામાં આવે તેવી માંગ સાથે શહેરાના તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ છે. જેના પગલે ટી.ડી.ઓ. એ તપાસનો આદેશ કર્યો છે.

## વડોદરા મધ્યસ્થ જેલમાં ઘોઘંબા નવા કુવાનો કેદી હાજર નહી થતાં ફરાર આરોપી તરીકે ફરિયાદ નોંધી

ગોધરા,

ઘોઘંબા તાલુકાના નવાકુવા ગામે રહેતા આરોપી વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો. કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ વચગાળાના જામીન ઉપર મુકત કરેલ હતો. જેમાં વધારો કરી ૪૫ દિવસ વધારવામાં આવેલ રજા પુરી થતાં જેલમાં હાજર નહિ જઈ ફરાર થઈ જતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના નવાકુવા ગામે રહેતા સતિષ ભુરાભાઈ રાઠવા વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામનો કેદી તરીકે સજા કાપતો હતો. કોવિડ ગાઈડ લાઈન મુજબ ૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ વચગાળાના જામીન રજા ઉપર મુકત થયો હતો. જેલના વચગાળાના જામીન ઉપર હાજર થવાના સમય હાઈકોર્ટ માંથી ૪૫ દિવસના રજાના વધારાનો હુકમ થયેલો હતો. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી વડોદરા મધ્યસ્થ જેલમાં આરોપીને હાજર થવાનું હતું. ત્યારે આરોપી જેલમાં હાજર નહિ થઈ ફરાર થઈ જતા આ બાબતે વડોદરા મધ્યસ્થ જેલ દ્વારા પાવાગઢ પોલીસ મથકે પેરોલ જમ્પ વોન્ટેડ કેદી તરીકે ફરિયાદ નોંધાવામાં આવી.

## પંચમહાલમાં કોરોનાનો એક જ નવો કેસ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોરોનાના નવા કેસોની સંખ્યા સતત ઘટી રહી છે. આજે સંક્રમણનો માત્ર એક નવો કેસ નોંધાયો છે, જે ગોધરા ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યો છે. ૩ દર્દીઓને રજા આપવામાં આવતા હાલ જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૬ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૮૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૬૦ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૭૮ થવા પામી છે.

## ગોધરા તાલુકાના વેગનપુર-ગવાસી રોડ ઉપરથી દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના વેગનપુર થી ગવાસી ગામે કેનાલવાળા રોડ ઉપર થી એકટીવા ઉપર ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ પસાર થતા હોય દરમ્યાન ગોધરા તાલુકા પોલીસના પેટ્રોલીંગમાં હોય પોલીસને જોઈ એકટીવા ચાલક નાશી છુટીયો હતો. પોલીસની તપાસ કરતાં ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૭૬ કિંમત ૭,૧૧૦/-રૂપીયાનો દારૂ ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકા પોલીસ વેગનપુર-ગવાસી કેનાલવાળા રોડ ઉપર

(અનુ.પાના.નં.૨)

## કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમન દ્વારા રજુ કરાયેલા

# વિવિધક્ષેત્રના બજેટના પગલે ગોધરા શહેરના અગ્રણીઓના મિશ્ર પ્રતિભાવ

- કેન્દ્રીય કર્મચારીઓના લાભ અપાયો નથી.
- બજેટ ચિલાચાલુ છે. અને રોજગારીની તક આપી નથી : કોંગ્રેસ.
- ભાજપ એ બજેટને આવકાર્યો.
- મોંઘવારીને ઘટાડવા કોઈ પ્રયત્નો ન કરાતા મહિલાઓમાં નારાજગી.
- ખેડુતોને આર્થિક લાભ આપવાની જાહેરાત કરીને લાગણી જીતવાનો પ્રયત્ન.
- આ વર્ષમાં બજેટની અસર કદાચ લાંબા ગાળામાં જોવા મળશે. : નિષ્ણાંતો.
- જયારે ઉદ્યોગ વર્ગે આ બજેટને મિશ્ર ગણાવ્યું.



ભાજપ સરકારનું બજેટ ચીલાચાલુ છે : અજીતસિંહ ભટ્ટી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ.

ભાજપ સરકારનું બજેટ ચીલાચાલુ છે. લોકોને તેનાથી અસંતોષ વધ્યો છે. કોરોનાની મહામારીની મુશ્કેલી હોવા છતાં તેના ઉકેલ માટે બેરોજગારીને નાબૂદ કરવા જે યુવા વર્ગને રોજગારલક્ષી તક આપવી જોઈએ. નવા ઉદ્યોગો ઉભા કરવા જોઈએ પરંતુ તે બાબતે દુર્લક્ષ સેવવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત તથા પંચમહાલમાં રેલ્વેના લાભ અંગે ઉદાસીનતા સેવવામાં આવી છે. સિનીયર સીટીઝન, મહિલાઓ બાબતે કોઈ વિશેષ બજેટમાં નથી. ખાસ કરીને હાલમાં ખેડુતના પ્રશ્ન અંગે આંદોલન ચાલી રહ્યા છે. તેવા સમયે સરકારે તેઓની ચિંતા કરીને વિશેષ લાભ આપવો જોઈએ તે નથી.



બજેટની અસર કદાચ લાંબા ગાળામાં જોવા મળશે. :- આકાશ રાવલાણી, C.A.

કેન્દ્ર સરકારે આ વખતે બેલેન્સ બજેટ આપવામાં આવ્યું છે. કરદાતા માટે કોઈ પણ કર આપવામાં આવી નથી. સાથે સાથે કોઈ નવો કર પણ લાદવામાં આવ્યો નથી. હેલ્થ સેન્ટર સેકટર ડીઝલ પેમેન્ટ, ટેક્સ ડીસ્પુટ તથા કોરોનાની મહામારીના કારણે અસર પામેલા સેકટરસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિત્તમંત્રી દ્વારા આપવામાં આવેલ આ વર્ષમાં બજેટની અસર કદાચ લાંબા ગાળામાં જોવા મળશે.



સૌને ખુશ કરવામાં આવતાં બજેટ આવકાર દાયક છે :- અરવિંદસિંહ પરમાર, ભાજપ અગ્રણી.

ભાજપ સરકારે તમામ વર્ગોની ચિંતા કરીને તેઓને કોઈપણ પ્રકારના વધારાના કર વેરા વધાર્યા સિવાય સંતુલીત બજેટ રજુ કરવામાં આવ્યું છે. અને સૌને ખુશ કરવામાં આવતાં બજેટ આવકાર દાયક છે. ૭૫ વર્ષ ઉપરના લોકોને આઈ.આર.એફ. માંથી મુકિત આપી છે. સોના-ચાંદીની ડયુટી ઘટાડી છે. ખેડુતો માટે પણ કેટલીક જાહેરાતો લાભદાયી કરવામાં આવી છે. ખેડુતોના પાક માટે એમ.એસ.પી.માંથી દોઢ ગણી કિંમત આપવામાં આવશે. અને મકાન ઉપર ૧.૫૦ લાખ રૂપીયાની લોન વ્યાજ મુકત રહેશે. ખેડુત માટે અનેક જાહેરાતોના પગલે કોંગ્રેસની અફવાઓ અને ચાલી રહેલા આંદોલન ની ભાજપે હવા કાઢી નાખી છે.



મોંઘવારી ઘટાડવા કોઈ પગલાં લેવાયા નથી :- નિશાબેન ગજ્જર, ગૃહિણી.

મહિલા વર્ગ માટે કોઈ રાહતરૂપમાં સમાચાર જણાતા નથી. કુદકે ને ભુસકે તમામ ક્ષેત્રે મોંઘવારી વધી રહી છે. ઘરના બજેટને અસર કરતી મોંઘવારી ઘટાડવા માટેના કોઈ પગલાં ભરવાની જાહેરાત કરાઈ નથી. ખાસ કરીને ઘરેલું ગેસ બોટલના ભાવ ઘટવાની જગ્યાએ વધી રહ્યા છે. અભ્યાસ કરતી છોકરીઓ માટે શૈક્ષણિક લોનમાં છુટ આપવી જોઈએ. એટલું જ નહીં સમાજમાં સ્ત્રીઓને પગભર કરવા સ્વનિર્ભરરૂપ આર્થિક સહાય અપાતી નથી. પ્રધાનમંત્રી સ્વરોજગાર એટલે કે સખી મંડળોને અપાતી માંડ ૧૦ હજારની લોન આજન સમયમાં નહીંવત છે. આ મહિલાઓને પગભર કરવા માટે બજેટમાં વધારો કરવો જોઈતો હતો. તે નહીં કરાતા ગૃહણિઓ માટે નિરાશાજનક છે.



ખેડુતો માટે આશાનું કિરણ લાવી છે :- અજયસિંહ સોલંકી, ખેડુત અગ્રણી.

આમ, લોકોની માફક ખેડુતો પણ બજેટની કાગના ડોળે રાહ જોઈ રહ્યા હતા. આ બજેટમાં ખેડુતો માટે આશાનું કિરણ લાવી છે. એપીએમસીના એગ્રી ઈન્ફા ફંડ બનાવવાની જાહેરાત કરવામાં આવતા તેનો સીધો લાભ ખેડુતોને મળનાર છે. ૧ હજાર નવી ઈ-મંડીઓ ખોલવામાં આવનાર છે. ખેડુતોને કરજ માટે ૧૬.૫ લાખ કરોડ રૂપીયા થી વધુની ચુકવણી કરાશે. ઘાણ ખેડુતોને ૧.૭ કરોડ રૂપીયાથી વધુ ચુકવણી કરાશે. ખેડુતોને પાક માટે એમ.એસ.પી. થી દોઢ ગણી કિંમત અપાશે. ખેડુતોને મહત્વ લાભ મળશે. આમ જોતાં ખેડુતો બજેટને આવકારે છે.



નાના ઉદ્યોગકારોની તકલીફ અંગે મેગાફંડ અંગે દ્વિધા :- ભાવેન્દ્ર તનેજા, પ્રમુખ, ગોધરા GIDC

ઉદ્યોગકારો માટે બજેટ મિશ્ર છે. નવો સ્ટાટપ કરનાર યુવા ઉદ્યોગકારોને ટેકારૂપ એક વર્ષની સબસીડી વધારીને તક આપી છે. તે એક ટેકારૂપ છે. સાત નવા ટેકસટાઈલ્સ પાર્ક અતિઆધુનિક બનાવવાથી વૈશ્વિક સ્તરે લાભ મળશે. નાના ઉદ્યોગકારોને એમ.એસ.એન.આઈ.ની વ્યાખ્યામાં બદલાવ કરવામાં આપવામાં આવી છે. નાના ઉદ્યોગકારોની તકલીફ અંગે મેગાફંડ આયોજન કર્યું છે. પરંતુ કઈ રીતે થશે ? કેટલું થશે ? કોણ વાપરી શકશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેની દ્વિધા છે. ખાસ કરીને લોકડાઉન વખતે કર્મચારીઓના પગાર તથા લોન ચુકવી છે. તેની કોઈ રાહત આપી નથી. ખાસ કરીને પેટ્રોલ-ડીઝલ ઉપર સેશ નાખવામાં આવતા ટ્રાન્સપોર્ટેશનમાં ખર્ચો વધીને આમ જનતાને માર પડનાર છે.



સરકારે રાહત આપવાની જરૂર હતી :- વિનાયક શુકલ, કેન્દ્રીય કર્મચારી.

કેન્દ્ર સરકારનો આ બજેટ કર્મચારીઓ માટે રાહત આપ્યું નથી. જેમ આમ આદમીની માફક કર્મચારીઓને લાભ આપવો જોઈએ. ઈન્કમટેકસમાં કોઈ વધારો કર્યો નથી પણ લાભ અંગે આશા લઈને બેઠો હતો પરંતુ રાહત આપવાની જરૂર હતી. અગાઉ સરકાર સમક્ષ વિવિધ મંડળો દ્વારા માંગણી કરવામાં આવી હતી. પરંતુ આજના બજેટમાં ખાસ કોઈ લાભ જણાતો નથી. આમ, પગારદારોને ડીંગો આપ્યો છે. જોકે એલ.આઈ.સી.માં આઈ.પી.ઓ. લાવવાની જાહેરાત કરવામાં આવી છે.